# BUSINESS મિત્ર

## ઇરાન-અમેરિકા તણાવ: શેરબજારમાં કડાકો, રોકાણકારોની ૨ લાખ કરોડની સંપત્તિ સ્વાહા

# સેન્સેક્સ નીચલા સ્તરેથી 1100 પોઇન્ટ રીકવર થયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 13:** ઇરાન-અમેરિકા વચ્ચેનું બીજી વખત સીઝ ફાયર પરિણામ વગરનું રહ્યું હતું. જેના લીધે ફરીથી યુદ્ધ શરૂ થવાની દહેશત સેવાઇ રહી છે અને શેરબજારમાં ફરીથી ઘટાડાનો દોર શરૂ થયો હતો. શેરબજારમાં આ યુદ્ધ વિરામ પડી ભાગ્યું હોવાથી મંદીવાળાઓ ફરીથી સક્રિય થતા જોવા મળ્યા હતા. આજે શરૂઆતી ગેપ ડાઉન ખુલ્યો હતો, જે 1682 પોઇન્ટ તૂટયા બાદ નીચલા સ્તરેથી રીકવર થતા જોવા મળ્યા હતા અને આજે શેરબજારમાં સેન્સેક્સ નીચલા સ્તરેથી 1100 પોઇન્ટ રીકવર થયો હતો. આમ છતાં રોકાણકારોની સંપત્તિમાં બે લાખ કરોડનો ઘટાડો જોવાયો હતો.

શેરબજારમાં નિફ્ટીએ 500 પોઇન્ટના કડાકા સાથે 23555 પોઇન્ટ સુધી ઘટ્યો હતો જોકે, છેલ્લે 23800 પોઇન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહ્યા હતા. આમ, બીજજરના મોટા ઘટાડા વચ્ચે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને 449 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું હતું. જે અગાઉરૂ. 451 લાખ કરોડનું હતું.

મીડલ ઈસ્ટનમાં યુદ્ધ વિરામ પર પાકિસ્તાનમાં ઈરાન અને અમેરિકા વચ્ચે 21 કલાકની વાતચીત અનિર્ણિત રીતે સમાપ્ત થઇ હતી. જેથી તણાવ વધતા ક્રુડ ફરીથી 100 ડોલરના સ્તરને પાર કરી ગયા હતા. અમેરિકન મીડિયા રિપોર્ટસ અનુસાર અમેરિકન નૌકાદળ આજથી હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના બંદરો પર નાકાબંધી શરૂ કરશે. ક્રુડ ઓઇલના ભાવ વધતા ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી અને 93ને પાર નીકળી ગયો હતો. આજે તમામ વૈશ્વિક બજારોમાં વેચવાલી જોવા મળી હતી.

### યુદ્ધ વિરામ પડી ભાગતા ડોલર દોડ્યો, 93ને પાર

ઇરાન-અમેરિકા વચ્ચેની વાટાઘાટોનું કોઇ પરિણામ નહીં આવતા યુદ્ધ વિરામ પડી ભાગ્યું છે, જેના લીધે ક્રુડ ઓઇલના ભાવ ફરીથી 100 ડોલરને પાર નીકળી ગયા હોવાથી ડોલરમાં પણ ઉછાળો જોવાયો હતો, જે 93ને પાર નીકળી ગયો છે. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 64 પૈસા ઉછળીને 93.38ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.74ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.58, પાઉન્ડ 126.18, કેનેડિયન ડોલર 67.66, ઓસ્ટ્રેલિયન ડોલર 65.36, જાપાનીઝ યેન 0.5845 અને સીંગાપોર ડોલર 72.95ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.38 રૂ. |
| યુરો | 108.58 રૂ. |
| પાઉન્ડ | 126.18 રૂ. |
| યેન | 0.5846 રૂ. |

બીએસઇ સેન્સેક્સ 702.68 પોઇન્ટ એટલે કે 0.91 ટકા ઘટીને 76847.57 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77063 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75868 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 207.95 પોઇન્ટ એટલે કે 0.86 ટકા ઘટીને 23842.65 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 23900ની સપાટી કુદાવીને 23907 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23555 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 307.70 પોઇન્ટ એટલે કે 0.55 ટકા ઘટીને 55606.06 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે જ્યોતિ સીએનસીમાં 14.67 ગણા, અદાણી એનર્જીમાં 13.63 ગણા, એનટીપીસી ગ્રીનમાં 4.42 ગણા, એવન્યુ સુપરમાર્કેટમાં 4.34 ગણા અને મારૂતિ સુઝુકીમાં 3.98 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે જ્યોતિ સીએનસીમાં 17.93 ગણા, એનટીપીસી ગ્રીનમાં 9.78 ગણા, સારદા એનર્જીમાં 8.72 ગણા, ટાટા ઇન્વેસ્ટમેન્ટમાં 7.98 ગણા અને એથર એનર્જીમાં 5.21 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.72 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.42 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1782 શેરો વધ્યા હતા, જ્યારે 2583 શેરો ઘટયા અને 199 શેરો યથાવત રહ્યા હતા. ઓટો શેરોમાં વેચવાલીએ નિફ્ટી ઓટો ઇન્ડેક્સ 2.09 ટકા ઘટ્યો હતો. જેમાં આઇશર મોટર, મારૂતિ સુઝુકી, હીરો મોટોકોર્પ, અશોક લેલેન્ડ, ટીવીએસ મોટર, સંવર્ધન મધરસન, બોશ, મહિન્દ્રા-મહિન્દ્રા, યુનો મીન્ડા અને ટયુબ ઇન્વેસ્ટમેન્ટમાં ઘટાડો જોવાયો હતો.

વૈશ્વિક સ્તરે યુદ્ધ વિરામ દરમ્યાન નેગોશીએશન તૂટી પડતા ફરીથી યુદ્ધ શરૂ થવાની ભીતિએ શેરબજારમાં વેચવાલી શરૂ થઇ ગઇ હતી અને એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા, જ્યારે યુરોપિયન બજારો ઘટાડા સાથે ચાલી રહ્યા છે. ઇસ્લામાબાદ ખાતે થઇ રહેલી વાર્તાલાપ પડી ભાંગતા ક્રુડ ઓઇલના ભાવ પણ ફરીથી ઉછળીને 100 ડોલરને પાર નીકળી ગયા હતા. જેની વૈશ્વિક બજારો પર નકારાત્મક અસર પડી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.55 ટકા, કેક 1.02 ટકા અને ડેક્સ 1.14 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.75 ટકા, સ્ટ્રેઇટસ 0.11 ટકા, હેંગસેંગ 0.69 ટકા, કોસ્પી 0.87 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.56 ટકા, શાંઘાઇ 0.06 ટકા અને તાઇવાન 0.11 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -755.63 | 76794.62 |
| નિફ્ટી | -229.80 | 23820.80 |
| બેન્ક નિફ્ટી | -330.70 | 55582.05 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| HDFC લાઇફ | 2.71 | 620.55 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 2.08 | 2130.20 |
| ICICI બેન્ક | 1.90 | 1347.00 |
| એનટીપીસી | 1.58 | 386.15 |
| ટીએમપીવી | 0.88 | 345.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇશર મોટર્સ | 5.04 | 7050.00 |
| મારૂતિ સુઝુકી | 4.62 | 13076.00 |
| બજાજ ફાઇનાન્સ | 2.97 | 897.05 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.64 | 4433.90 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.68 | 1314.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ICICI બેન્ક | 2.04 | 1349.00 |
| એનટીપીસી | 1.46 | 385.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 4.60 | 13080.00 |
| બજાજ ફાઇનાન્સ | 2.83 | 898.25 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.85 | 4426.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.64 | 1314.45 |
| ટીસીએસ | 2.11 | 2471.00 |

# સેન્સેક્સ-નિફ્ટીમાં ચાર મહિનામાં 15 ટકાનો ઘટાડો

**આઠ** મહિનાનો સૌથી લાંબો ઘટાડાનો સમયગાળો સપ્ટેમ્બર 1994થી એપ્રિલ 1995 સુધી ચાલ્યો હતો

મુંબઇ, તા. 13: છેલ્લા ચાર મહિનાથી નિફ્ટી સતત ઘટી રહી છે, જે આશરે 15 ટકા તૂટી ચુકી છે. આ સમયગાળા દરમિયાન, ઈન્ડેક્સ લગભગ 15 ટકા તૂટ્યો છે. આ ઘટાડાનું કારણ વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ, વિદેશી રોકાણકારોનું સતત વેચાણ અને ક્રુડ ઓઇલના વધતા ભાવો છે. જોકે, હવે એવા સંકેતો મળી રહ્યા છે કે આ લાંબો ઘટાડો આગળ જતા બજાર માટે કોન્ટ્રા ઈન્ડિકેટર બની શકે છે, એટલે કે એપ્રિલમાં બજાર વધુ સારૂં પ્રદર્શન કરી શકે છે.

બ્રોકરેજ ફર્મ ડીએસપીના તાજેતરના અહેવાલ મુજબ નિફ્ટીમાં ચાર મહિના કે તેથી વધુનો સતત ઘટાડો ખૂબ જ દુર્લભ રહ્યો છે. અત્યાર સુધી આવા માત્ર સાત વખત પ્રસંગ થયા છે. સૌથી લાંબો ઘટાડાનો સમયગાળો સપ્ટેમ્બર 1994થી એપ્રિલ 1995 સુધી ચાલ્યો હતો, જે 8 મહિના સુધી ચાલ્યો હતો.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઘટાડો જેટલો લાંબો હશે, ત્યારબાદનો અપટ્રેન્ડ વધુ મજબૂત હશે. છેલ્લા સાત કેસોનું વિશ્લેષણ કર્યા પછી, બ્રોકરેજને જાણવા મળ્યું છે કે શેરબજાર આવા ઘટાડા પછી 3 મહિનામાં સરેરાશ 12.2 ટકા વળતર આપે છે.

# ભારતની ચાલુ ખાતાની ખાધ ૨% સુધી પહોંચવાની શક્યતા

**મોંઘું** ક્રૂડ અને ગેસ અર્થતંત્ર પર દબાણ વધારશે; ક્રિસિલના રિપોર્ટમાં ચેતવણી

નવી દિલ્હી, તા. 13: પશ્ચિમ એશિયા સંકટને કારણે ભારતનો ચાલુ ખાતાની ખાધ 2 ટકા સુધી પહોંચી શકે છે. ક્રિસિલની રિપોર્ટ મુજબ ક્રુડ, ગેસ અને ખાતરની વધતી કિંમતોને કારણે આયાત બિલ વધી શકે છે. નિકાસ, રેમિટન્સ અને આર્થિક વિકાસ પર પણ અસર પડી શકે છે. જોકે સર્વિસ સેક્ટર થોડી રાહત આપી શકે છે.

રિપોર્ટ અનુસાર, ભારત માટે સૌથી મોટો ખતરો વધતી ક્રુડ અને ગેસની કિંમતો છે. કાચા તેલની કિંમતોમાં 23 ટકા સુધીની વૃદ્ધિથી આયાત બિલ ઝડપથી વધી શકે છે. સાથે જ ગેસ અને ખાતરની કિંમત પણ વધી રહી છે, જેના કારણે વેપાર ખાધ વધુ વધવાની આશંકા છે. આ પરિસ્થિતિમાં ભારતને વધુ ખર્ચ કરવો પડશે, જે અર્થતંત્ર પર દબાણ વધારશે.

પેટ્રોલિયમ આયાત પહેલેથી જ ભારતના કુલ આયાતનો મોટો ભાગ છે. જો કિંમતો વધુ વધે, તો આયાત બિલ ભારે થઇ જશે. જેથી વેપાર ખાધ વધશે અને રૂપિયાને પણ દબાણ આવશે. સાથે જ મોંઘવારી વધવાનો ખતરો પણ રહેશે. પશ્ચિમ એશિયામાં તણાવ વધવાથી ભારતના નિકાસ પર પણ અસર પડી શકે છે. શિપિંગ અને ઈન્શ્યોરન્સ ખર્ચ વધવાથી માલ મોકલવો મોંઘો થઈ જશે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૪૮૯૦ |
| તેજાબી સોનું | ૧૫૪૮૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૧૪૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૧૭૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૪૮૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૯૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૫૨૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

# સરકારને અને કોર્ટોને ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર કોણે આપ્યો?




**ટુ ધ પોઇન્ટ** ■ સંજય વોરા ■

દેશમાં હિન્દુ ધર્મસ્થાનો સરકારી નિયંત્રણમાંથી કેમ મુક્ત થઇ નથી શકતાં એ વિશે અનેક વખત અનેક સ્તરે ચર્ચા થતી રહી છે. રાજકીય ઈચ્છાશક્તિના અભાવે અને ક્યારેક અદાલતી ચુકાદાને કારણે મંદિરો અને ધાર્મિક પરંપરાઓ ઉપર કુઠારાઘાત થાય છે. કેરળમાં સબરીમાલા મંદિર, તમિલનાડુની થિરુપરમકુંદરમ પહાડી ઉપર વર્ષમાં એક વખત યોજાતી દીપમ પ્રાગટ્યની પરંપરા, તમિળનાડમાં જલિકટ્ટુ, મહારાષ્ટ્રમાં દહીં હાંડી, ગુજરાતમાં નવરાત્રિ, પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજા જેવાં ઉદાહરણો દેશનાં દરેક રાજ્યમાં છે, જ્યાં ૭૫ વર્ષથી હિન્દુઓ મોકળા મને પોતાની ધાર્મિક પરંપરાઓ, ઉત્સવો ઉજવી શકતાં નથી. વિદ્વાન વકીલો વર્ષોથી આ બધા સામે અદાલતોમાં લડત આપી રહ્યા છે, તેમ છતાં મંદિરોની અને હિન્દુ ધાર્મિક પરંપરાઓને મુક્તિ મળી શકતી નથી. સબરીમાલા કેસમાં સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાથી સદીઓ જૂની હિન્દુ પરંપરા જોખમમાં છે ત્યારે હવે તેની સામે થયેલી રિવ્યૂ પિટિશનની સુનાવણી સાત એપ્રિલથી શરૂ થઈ છે.

આ બાબતમાં વિદ્વાન જૈનાચાર્ય યુગભૂષણસૂરીશ્વરજી દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અને અહીં રજૂ કરવામાં આવેલા વિચારો ખૂબ સમયોચિત છે. હાલમાં સબરીમાલાની જે રિવ્યૂ પિટીશન ચાલી રહી છે, તેમાં ગચ્છાધિપતિશ્રી યુગભૂષણસૂરીશ્વરજીના માર્ગદર્શન હેઠળ ગીતાર્થ ગંગા અને જ્યોત જેવી સંસ્થાઓ પણ પક્ષકાર તરીકે જોડાઇ છે. સબરીમાલાના કેસમાં મૂળ મુદ્દો આ મંદિરમાં હાલ માત્ર ચોક્કસ વયની મહિલાઓ પ્રવેશ કરી શકે કે કેમ, તે બાબત પૂરતો મર્યાદિત લાગે છે, પરંતુ અદાલત દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો કલમ ૨૫ અને ૨૬ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાનો વ્યાપ શું છે? આવશ્યક ધાર્મિક પ્રથા શું છે? શું અદાલતો શ્રદ્ધાનો વિષયવસ્તુ નક્કી કરી શકે છે? વ્યક્તિગત અધિકારો તથા ધાર્મિક સંપ્રદાયોની સ્વાયત્તતા વચ્ચેનો સંબંધ શું છે? આ પ્રશ્નો અત્યંત મહત્ત્વના છે, પરંતુ તેમાં એક એવો મૂળભૂત પ્રશ્ન સંકળાયેલો છે જે ક્યારેય પૂછવામાં આવ્યો નથી. એ પ્રશ્ન છે, સરકારે સૌ પ્રથમ ધર્મોની આંતરિક બાબતો પર નિયંત્રણ કરવાની સત્તા ક્યારે પ્રાપ્ત કરી?

આ માત્ર વાતો નથી, પણ એક બંધારણીય પ્રશ્ન છે. રાજ્ય દ્વારા ઉપયોગમાં લેવાતી દરેક સત્તાનું ઉદ્ભવસ્થાન કોઈ કાયદેસરના સ્રોતો, સંમતિ, હસ્તાંતરણ, પ્રતિનિયોજન અથવા બંધારણીય અનુમતિમાં મળવું જોઈએ. રાજ્ય કર ઉઘરાવે છે, કારણ કે બંધારણ કર લાદવાની સત્તા આપે છે. તે કાયદા ઘડે છે, કારણ કે કાયદાકીય સત્તા તેને સોંપવામાં આવી છે. પરંતુ જ્યારે મંદિરો પર સમિતિઓની નિમણૂક કરવાની, ધાર્મિક ભંડોળનું સંચાલન કરવાની, ન્યાયિક બેન્ચ દ્વારા શ્રદ્ધાના વિષયમાં શું "આવશ્યક" છે તે નક્કી કરવાની અને આધ્યાત્મિક પ્રથાઓ પર નિર્ણય આપવાની વાત આવે ત્યારે તેનો સ્રોત ક્યાં છે? આનો જવાબ હોવો જોઈએ, પણ તે ક્યાંય નથી.

ભારત દેશ સ્વતંત્ર થયો ત્યારે સત્તાનું હસ્તાંતરણ એ એક દસ્તાવેજી કાયદેસરની ઘટના હતી. ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટ, ૧૯૪૭ દ્વારા એ સ્પષ્ટ કર્યું હતું કે શું ટ્રાન્સફર કરવામાં આવી રહ્યું છે. તેની કલમ ૬(૧) માં જાહેર કર્યું હતું કે દરેક નવી ધારાસભા પાસે તેના અધિકારક્ષેત્ર માટે કાયદા બનાવવાની સંપૂર્ણ સત્તા હશે. જાણીતા બંધારણીય વિદ્વાન એચ.એમ. સીરવાઈએ તેમના લખાણમાં સ્પષ્ટ કર્યું હતું કે બંધારણ સભાની સત્તા ગૌણ હતી. તે ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટમાંથી આવી હતી. કોઈ પણ ગૌણ સત્તા તેના મૂળ સ્રોત કરતાં આગળ વધી શકે નહીં. આ મુદ્દો ધાર્મિક બાબતનો છે, જેનો નિર્ણય બંધારણ સભાને સોંપવામાં આવ્યો ન હતો. બ્રિટિશ તાજે ક્યારેય હિન્દુ ધર્મ, જૈન ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ કે ઇસ્લામ પર આધ્યાત્મિક અધિકારક્ષેત્રનો દાવો કર્યો નહોતો. તેઓ તેવો દાવો કરી પણ ન શક્યા હોત, કારણ કે આ ભારતીય પરંપરાઓએ ક્યારેય બ્રિટિશ તાજનો આધ્યાત્મિક સત્તા તરીકે સ્વીકાર કર્યો ન હતો અને બ્રિટિશ તાજે પણ ક્યારેય પોતાને સત્તા તરીકે સ્થાપિત કર્યો ન હતો. આમ, જો બ્રિટિશરો પાસે ક્યારેય આ સત્તા હતી જ નહીં અને જો બંધારણ સભાની સત્તા બ્રિટિશ હસ્તાંતરણમાંથી ઊતરી આવી હતી, તો ધર્મ પર રાજ્યનું અધિકારક્ષેત્ર ક્યાંથી આવ્યું? આ અંગે કોઈ ચર્ચા થઈ નહોતી. તેને મૌન રીતે, હસ્તાંતરણના કોઈ પણ ઓળખી શકાય તેવાં સાધન ચિહ્નિત કર્યા વિના માની લેવામાં આવ્યું હતું.

ભારત એક એવો દેશ છે જેની રાજકીય પૃષ્ઠભૂમિ રજવાડાં દ્વારા તૈયાર થઈ હતી. દેશ ક્યારેક અનેક રજવાડાંના શાસન હેઠળ વિભાજિત હતો, તો ક્યારેક નંદ વંશથી લઈને ચંદ્રગુપ્ત અને અશોક હેઠળના મૌર્ય વંશ સુધીના એક શક્તિશાળી સામ્રાજ્ય હેઠળ એકીકૃત હતો. તેમ છતાં ભૌતિક સત્તાના આ તમામ ફેરફારો વચ્ચે ભારતીય ધર્મો સભ્યતાની સાચી અને અખંડ પરંપરા તરીકે ટકી રહ્યા હતા. ધર્મો અનૌપચારિક નહોતા. તે કામચલાઉ નહોતા. તે સ્વતંત્ર દાર્શનિક પાયા પર આધારિત, સંરચિત, સરહદ વિનાના, નિયમોથી બંધાયેલા અને સ્વસંચાલિત હતા.

પુરીના જગન્નાથ મંદિરને તત્કાલીન ઓડિશાના રાજ્યપાલના અધ્યક્ષપદ હેઠળની શ્રી જગન્નાથ મંદિર વહીવટ સુધારણા સમિતિ દ્વારા "એક મોટા રાજ્યની અંદરનું એક નાનું રાજ્ય" તરીકે વર્ણવવામાં આવ્યું હતું. આઠમી સદીમાં સ્થપાયેલા શંકરાચાર્ય મઠોએ બારસો વર્ષો સુધી અખંડ પરંપરા જાળવી રાખી છે, જે દરેક આ ભારતીય ઉપખંડના એક મુખ્ય પ્રવાહનું સંચાલન કરે છે. ઉડુપીના અષ્ટ મઠો સાત સદીથી દર બે વર્ષે શ્રીકૃષ્ણ મઠના વહીવટમાં ફેરબદલ કરે છે, જેમાં કોઈ પણ IAS અધિકારી દેખાતા નથી. શીખ તખ્તો તેમના જાથેદારો દ્વારા સ્વ-શાસિત રહે છે. પાલીતાણા અને પારસનાથની જૈન પવિત્ર ટેકરીઓ મહાન સુધર્મા સ્વામીના અનુગામી વંશાવળી સાથે આધ્યાત્મિક શાસન હેઠળ સંચાલિત છે. તિરુવનંતપુરમનું પદ્મનાભ સ્વામી મંદિર રાજવી પરિવાર દ્વારા દેવતા વતી સેવક અને રક્ષક તરીકે સંચાલિત હતું. બૌદ્ધ સંઘ તેના વિનય કોડ હેઠળ કાર્યરત હતો. આમાંની દરેક સંસ્થા એક સ્વસંચાલિત, સ્વ-ટકાઉ વ્યવસ્થા હતી અને છે, જે કોઈ ભૌતિક સ્રોતમાંથી નહીં પણ શાસ્ત્રોક્ત આદેશ, આધ્યાત્મિક ઉત્તરાધિકાર અને લાખો લોકોની સ્વૈચ્છિક નિષ્ઠામાંથી અધિકાર મેળવે છે. પ્રશ્ન એ નથી કે તેઓએ સારું શાસન કર્યું કે નહીં. પ્રશ્ન એ છે કે શું આ સંસ્થાઓમાંથી રાજ્યને ક્યારેય કોઈ સત્તા હસ્તાંતરિત કરવામાં આવી હતી?

કોઈ પણ લોકશાહી રાષ્ટ્ર કેથોલિક શાસનનું પુનર્ગઠન કરવાનો, કેથોલિક કેનન કાયદાને ફરીથી લખવાનો અથવા ચર્ચની મિલકતોનું સંચાલન કરવા માટે અમલદારોની નિમણૂક કરવાનો અધિકાર ધરાવતું નથી. વેટિકનની સંસ્થાકીય સ્વાયત્તતા વૈશ્વિક સ્તરે માન્ય છે. એટલા માટે નહીં કે કેથોલિક ધર્મ અન્ય ધર્મો કરતાં વધુ કાયદેસર છે, પરંતુ એટલા માટે કે એક સ્પષ્ટ સિદ્ધાંતનો આદર કરવામાં આવી રહ્યો છે કે ધર્મનું આંતરિક શાસન એ રાજ્યનું ક્ષેત્ર નથી. મોટા ભાગના ભારતીય ધર્મો વેટિકન કરતાં સદીઓ જૂના છે. તેમની શાસ્ત્રીય સંહિતાઓ યુરોપિયન બંધારણીય વિચારધારા કરતાં લગભગ બે હજાર વર્ષ જૂની છે. તો પ્રશ્ન એ છે કે, શા માટે એક વિદેશી ધર્મ પર લાગુ કરવામાં આવેલી સંસ્થાકીય ધાર્મિક સ્વાયત્તતાને કેમ વાજબી ગણાવવામાં આવે છે અને અન્ય ભારતીય ધર્મોની બાબતમાં તે ધાર્મિક સ્વાયત્તતા કેમ અદૃશ્ય થઈ જાય છે? થોડા નજીકના ભૂતકાળની વાત કરીએ તો ૧૨૧૫માં મેગ્ના કાર્ટાની પ્રથમ કલમમાં જ જાહેર કરવામાં આવ્યું હતું કે અંગ્રેજી ચર્ચ સ્વતંત્ર રહેશે અને તેના અધિકારો અકબંધ રહેશે. જ્યાં બ્રિટિશ તાજ ઔપચારિક રીતે ચર્ચ ઓફ ઈંગ્લેન્ડના સર્વોચ્ચ ગવર્નર છે અને ૨૬ બિશપ્સ હાઉસ ઓફ લોર્ડ્સમાં બેસે છે, ત્યાં પણ સરકાર ચર્ચોનું નિયમન કરતી નથી. ભારતની સંસદમાં ધાર્મિક પ્રતિનિધિત્વ શૂન્ય છે. ભારતની સંસદમાં એક પણ આચાર્ય, એક પણ જાથેદાર બેસતા નથી. તેમ છતાં રાજ્ય મંદિરોની માલિકી ધરાવે છે, તેનો વહીવટ કરે છે અને ધાર્મિક પ્રથાઓ પર નિર્ણય આપે છે. મધ્યકાલીન ઈંગ્લેન્ડે આઠ સદી પહેલાં તેના ધર્મ માટે જે માન્યતા આપી હતી, તે આધુનિક લોકશાહી ભારતે તેના પોતાના ધર્મો માટે માન્ય રાખી નથી. આ જ સામ્રાજ્યવાદી અવશેષ છે.

આજે આપણે સાર્વભૌમત્વની કટોકટીના યુગમાં જીવી રહ્યા છીએ. મોટાં કોર્પોરેશનો સરહદો પાર કાર્ય કરે છે તેમ ટેક્સ સાર્વભૌમત્વ અદૃશ્ય થઈ રહ્યું છે. આધ્યાત્મિક સાર્વભૌમત્વ માટે બરાબર તેનાથી ઊલટી સ્થિતિ છે. અહીં, રાજ્ય પાસે ક્યારેય સત્તા હતી જ નહીં અને છતાં તેણે તે સત્તા મૌન રીતે કોઈ પણ ટ્રાન્સફરના દસ્તાવેજ વગર પડાવી લીધી છે. ભારતના રાષ્ટ્રીય આર્કાઈવ્ઝની ફાઈલ નંબર ૫૦/VII/33-Poll માં એક એવો દસ્તાવેજ છે, જે બંધારણીય સમન્સ જેવો લાગે છે, જેની બજવણી તો થઈ છે, પણ ક્યારેય જવાબ આપવામાં આવ્યો નથી. પુષ્પગિરિ પીઠમના જગદ્ગુરુ શ્રી શંકરાચાર્યે એક એવી દલીલ રજૂ કરી હતી જેને કોઈ પણ ભારતીય ન્યાયશાસ્ત્રીએ ક્યારેય નકારી નથી. તેમણે કહ્યું હતું કે ભારતીય ધારાગૃહ પ્રાચીન ધર્મોને લગતી બાબતો પર કાયદો ઘડવા માટે અસમર્થ છે, કારણ કે તેના સભ્યો કેવળ બિનસાંપ્રદાયિક લાયકાતના આધારે ચૂંટાય છે અને કોઈ પણ માન્ય ધાર્મિક સંસ્થા દ્વારા કોઈ સભ્યને નામાંકિત કરવામાં આવ્યા નથી. કોઈ પણ ધાર્મિક વડાએ આ ચૂંટાયેલા સભ્યોને નામાંકિત કર્યા નથી. કોઈ પણ સંપ્રદાયે તેની આધ્યાત્મિક સત્તા હસ્તાંતરિત કરી નથી તેમ છતાં ધારાગૃહ અને અદાલતો એવાં શાસ્ત્રો પર સત્તાનો ઉપયોગ કરે છે, જેનો તેમણે ક્યારેય અભ્યાસ પણ કર્યો નથી.

આ સપ્તાહે નવ ન્યાયાધીશોની બેન્ચ આગળ સુનાવણી કરશે ત્યારે તેની સમક્ષ જે પ્રશ્નો છે તે નિર્વિવાદ રીતે મહત્ત્વના છે પરંતુ તે બધા પ્રશ્નોમાં એક એવી પૂર્વધારણા નિહિત છે, જે ક્યારેય સ્થાપિત થઈ નથી અને તે એ છે કે ''રાજ્ય ધાર્મિક બાબતો પર અધિકારક્ષેત્ર ધરાવે છે.'' અમને હસ્તાંતરણનો દસ્તાવેજ બતાવો. જ્યાં સુધી તે બતાવવામાં ન આવે ત્યાં સુધી, રાજ્ય દ્વારા નિયુક્ત કરવામાં આવેલી દરેક મંદિર સમિતિ, દરેક અમલદાર, દરેક અદાલત, જે શ્રદ્ધા માટે શું "આવશ્યક" છે તે નક્કી કરે છે, એ બધા વાસ્તવમાં એવા અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે, જે તેમને ક્યારેય સોંપવામાં આવ્યું જ નહોતું. એક વાર ભારત આ સામ્રાજ્યવાદી ગૂંચવણમાંથી મુક્ત થશે અને રાજ્ય આધ્યાત્મિક બાબતોમાં દખલ કરવાનું બંધ કરશે ત્યારે ભારતની આધ્યાત્મિક શક્તિ ખીલી ઊઠશે. ભારતના ધર્મો તેના પ્રજાસત્તાક કરતાં હજારો વર્ષ જૂના છે. આધ્યાત્મિક સાર્વભૌમ ભૌતિક સાર્વભૌમ પાસે એવી કોઈ બાબતની માંગણી નથી કરી રહ્યા, જે છીનવી લેવામાં આવી હતી. તેઓ એવી બાબતની માન્યતા માંગી રહ્યા છે, જે તેમને ક્યારેય સોંપવામાં આવી ન હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**સબરીમાલાની જે રિવ્યૂ પિટીશન ચાલી રહી છે, તેમાં ગચ્છાધિપતિશ્રી યુગભૂષણસૂરીશ્વરજીના માર્ગદર્શન હેઠળ ગીતાર્થ ગંગા અને જ્યોત જેવી જૈન સંસ્થાઓ પણ પક્ષકાર તરીકે જોડાઇ છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

**મિલ્કત વેચવાની છે**

**અરજન્ટ વેચવાનો છે**
ફ્લેટ 2 BHK, અંજની નંદન રેસીડેન્સી, સણીયા કણદે, સણીયા તળાવની સામે, ડીંડોલી- ખરવાસા રોડ. ફક્ત ૨૧ લાખમાં સંપર્ક: ૮૭૮૦૪૫૨૮૫૪

**વેચાણથી,**
ચોકબજારમાં ઓફિસ, ગોપીપુરામા દુકાન, નાનપુરામાં ફ્લેટ, પરસોલીમાં પ્લોટ. મોબાઈલ. 9825821151

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**વ્યવસાયીક ધંધાકીય**

**ભગવાનનો દિવો**
આરતી, તુલસીનાં છોડ પાસે દિવો કરવા માટે ગાયનાં ઘીમાં બનાવેલ રૂની તૈયાર દિવેટ મળશે. 7600239072

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**ઘરબેઠા TV, LCD**
LED, રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટોનિક્સ. અડાજણ. 9898302700

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**મિલ્કત ભાડે -વેચાણ**

**ભાડે વેચાણ**
આપવાનું છે ઉધના મેઈન રોડ ટચ શોરૂમ દુકાન ઓફીસ શેડ ડોમ RCC ફેક્ટરી લુમ્સ ખાતુ ડાઈંગ ખાતુ રનીંગ ભાડાની આવકવાળી પ્રોપટી સોસીયો સર્કલ ૯૦૦ વાર ૫૦૦ વાર રાયકા સર્કલ ૩૦૦૦ વાર M- 8200006737 (j)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ વૈષ્ણોદેવી Rs: 20999/= Mo- 9825142005 /9427803273

**ઉજ્જૈન, ઓમકારેશ્વર,**
દ્વારકા, સોમનાથ, ડાકોર, પાવાગઢ, શિરડી, શનિદેવ, શ્રીનાથજી, ખાટુશ્યામ, મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ, શામળાજી, અંબાજી, ચોટીલા. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861 (18)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2X2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 3/5, (10 સીટ બાકી) 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/05 , દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**Megical Madhyapradesh**
પંચમઢી કાન્હા અમરકંટક જબલપુર સાઈટસીન રહેવા બ્રેકફાસ્ટ જમવા સાથે દિવસ 8 ઉપડશે 17, 31 મે. 7 જુન. MP Holidays 9376903457

**મિલ્કત ભાડેથી**

**ડુમસ- પીપલોદ રોડ**
ઓફિસ ભાડે આપવાની છે પીપલોદમાં સ્વસ્તિક યુનિવર્સલમાં કાર્પેટ ૧૮૨૬ ચોરસ ફૂટ ફુલ્લી ફર્નિસ ઓફિસ કોર્પોરેટ માટે ભાડે આપવાની છે. વોટ્સએપ - 6352658023

**ઉધના ઉધ્યોગ નગર**
ભાડે આપવાની છે સેન્ટ્રલ રોડ નં ૯ પર સુમારે ૧૭૨૩૬ ચોરસ ફૂટ પાક્કા બાંધકામ વાળી જગ્યા બેંકો તથા લિમિટેડ કંપનીને લીઝ પર આપવાની છે. વોટ્સએપ- 6352658023

**સાગર 9427113317**
એસી બસમાં. વેકેશનમાં મહાબળેશ્વર, શિરડી/ શનિ-રવિ ખાનવેલમાં સેલવાસ દમણ

**નોકરી વિષયક**

**CA Required**
Applications Invited for Job of CA (preferably Male) with experience of 3-5 years in Audit & Income Tax. Location: Surat Email CV: rohan. panwala@dsica.com Contact: 9974380992

**જોઈએ છે સ્ટાફ,**
ઈલેક્ટ્રીશ્યન/વાયરમેન, અનુભવી/ બિન અનુભવી. સુરત, બારડોલી, માંડવી, રાજકોટ, મોરબી, જુનાગઢ મો 9913016827

**Accountant (Female) જોઈએ છે.**
Tax Consultant ની ઓફિસ (અડાજણ/સુરત) DATA ENTRY માટે. TALLY, Ms Office જાણકાર. અનુભવ (6 Months) જરૂરી.
સંપર્ક 9426188902

**અમારી સ્થાપિત ફૂડ**
પ્રોડક્ટ્સ કંપની માટે નમકીન, ચીપ્સ, ડ્રાયફ્રૂટ્સ અને ફૂડ પ્રોડક્ટ્સ ના વેચાણ માટે અનુભવી ફિલ્ડ સેલ્સમેન ની તાત્કાલિક જરૂર છે. સ્થળ: સુરત પગાર: લાયકાત અને અનુભવ મુજબ સંપર્ક નંબર: 8469666190

**લોન માટે ટેલીકોલિંગ**
કરી શકે તેવી છોકરીઓ જોઈએ છે 9974252925

**Required**
lady receiptionist, operator , digital marketing video editor 9824144698

**ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ**
ના મેન્ટેનન્સ સ્ટોર માટે હેલ્પર જોઈએ ધોરણ ૧૦ પાસ. 8780623560 (17)

**લોનની કંપની માટે**
અનુભવી બિનઅનુભવી સેલ્સ એક્ઝિક્યુટીવ છોકરા/છોકરી જરૂર છે. મો:- 9586817707

**Required Staff**
For CA Office at Surat. Contact 9426223351

**લોનની કંપની માટે**
ટેલીકોલર છોકરી જોઈએ છે પાર્ટટાઈમ /ફુલટાઈમ Location નાનપુરા સુરત મો:- 9586817707

**વ્યવસાયીક ક્લાસીસ**

**કરાટે /એરોબીક્સ કેમ્પ**
જૈન સોશ્યલ ગ્રુપ તથા મહીલા સુરક્ષા સમીતી તરફથી સ્વરક્ષણ/ યોગા / એરોબીક્સ કેમ્પ મળો:- અંજલીબેન કોમલબેન હેમંતભાઈ ભટ્ટ ૯૩૭૬૯૪૫૨૬૯

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.